EDII

Navgujarat Samay

June 10, 2021
Page No.4

# EDII દ્વારા 58 ,887 સૂક્ષ્મ ઉધોગસાહસિકોને તાલીમ

**નવગુજરાત સમય** > અમદાવાદઃ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના દીનદયાળ અંત્યોદય યોજનાની પેટાયોજના સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (એસવીઈપી) અંતર્ગત આશરે 58,887 ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને આંત્રપિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) દ્વારા બિનકૃષિ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે તાલીમ અપાઈ છે. ઇડીઆઇઆઈને નેશનલ રિસોર્સ ઓર્ગેનાઇઝેશન  તરીકે નિયુક્ત કરાઈ છે અને અત્યારે આ મહામારી વચ્ચે એકથી વધારે રોજગારી પેદા કરવા 15 સ્ટેટ રૂરલ લાઇવ્લીહૂડ મિશન સાથે જોડાણ કર્યું છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ આ સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો અને તેમના પરિવારના સભ્યોને બિનકૃષિ ક્ષેત્રમાં ગ્રામીણ વિસ્તારોમાં નાનાં ઉદ્યોગસાહસિકો સ્થાપિત કરવામાં મદદ કરવાનો છે. 4-વર્ષના કાર્યક્રમનો અમલ વર્ષ 2016માં શરૂ થયો હતો. અત્યાર સુધી 58887 લોકોને તાલીમ આપવામાં આવી છે અને 57184 સૂક્ષ્મ ઉદ્યોગસાહસિક્તાને આ કાર્યક્રમ અંતર્ગત પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. 1034 કમ્યુનિટી રિસોર્સ પર્સન - એન્ટરપ્રાઇઝ પ્રમોશનને ગ્રામીણ સ્તરે બિઝનેસ કન્સલ્ટન્ટ્સ તરીકે તાલીમ આપે છે.આ પ્રોજેક્ટ પાછળનો તર્ક સમજાવતા એસવીઈપી-ઇડીઆઇઆઈના પ્રોજેક્ટ હેડ ડો. રાજેશ ગુપ્તાએ કહ્યું હતું કે, "ગ્રામીણ ભારતનું અર્થતંત્ર હજુ પણ મુખ્યત્વે કૃષિ પર આધારિત છે અને અનૌપચારિક ક્ષેત્રો પર ચાલે છે. આ પ્રકારના ઘણા ઉદ્યોગસાહસિકો વ્યવસાયને વધારવા સાધનો અને સંસાધનોનો અભાવ છે. જ્યારે સમય મુશ્કેલ અને પડકારજનક હોય, ત્યારે એની સંભવિતતા પર અસર થાય છે.  આમાંથી ઘણા ગ્રામીણ ઉદ્યોગસાહસિકો તેમના સ્થાનિક ઇડીઆઇઆઈ માર્ગદર્શકોની સલાહ લે છે, તેમની તાલીમનો ઉપયોગ કરે છે અને સ્થિતિ સમક્ષ ઝુકવાનો નિર્ણય લીધો નથી. સંબંધિત સ્ટેટ રુરલ લાઇવલીહૂડ્સ મિશન્સ અને સ્થાનિક વહીવટીતંત્રના સપોર્ટ સાથે તેઓ તેમના વ્યવસાયને બીજી દિશામાં વાળવા સફળ રહ્યાં હતાં